# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે

નં.વિશા/એ સેકશન/પરમીટ/૬૧ /૨૦૧૯
પોલીસ કમિશ્નરની કચેરી, વિશેષ શાખા,
શાહીબાગ, અમદાવાદ શહેર.તા.13.૫.૨૦૧૯

તા.૨૩/૦૪/૨૦૧૯ ના રોજ લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ નું મતદાન થયેલ. જેની તા.૨૩/૦૫/૨૦૧૯ ના રોજ અમદાવાદ એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ કેમ્પસ તથા ગુજરાત કોલેજ કેમ્પસ ખાતે મત ગણતરી થનાર છે. આ મતગણતરી શાંતીપુર્ણ રીતે અને સુમેળ ભર્યા વાતાવરણમાં પુર્ણ થાય તેમજ જાહેર સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી જણાય છે.

જેથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઇ વિજાણું સાધનો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું અને મતગણતરી મથકની અંદર કોઇ અન-અધિકુત વ્યક્તિ પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

(૨) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ વાહનો લઇ જઇ શકશે નહી અથવા પાર્ક પણ કરી શકશે નહી. વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) મત ગણતરી મથકની અંદર કે, કંમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુનાં ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ બાકસ(માચીસ), લાઇટર, ગેસ લાઇટર કે અન્ય જ્વલનશીલ પદાર્થ અને વિસ્ફોટક પદાર્થો વિગેરે ચીજ વસ્તુઓ લઇ જઇ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**આ હુકમમાં નીચેના અપવાદ છે.**

કાયદો અને વ્યવસ્થાના ઇન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મત ગણતરી મથક અને તેની આસપાસ ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન સેલ્યુલર/મોબાઈલફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. આજ પ્રમાણે ભારતના ચુટણીપંચે નીમેલા નિરીક્ષકો તથા મત ગણતરીની ફરજોનો હવાલો ધરાવતાં અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમની વિધિસરની ફરજ દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

**આ હુકમ તારીખ તા.૨૩.૦૫.૨૦૧૯ ના કલાક ૦૦.૦૦ થી મત ગણતરી પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.**

આજ તારીખ૧3 માહે મે સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

**અમદાવાદ**

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનયરવાના:</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી ગુજરાત રાજય ગૃહ વિભાગ ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા. ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઇન્ટે) ગુ.રા. ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી વડોદરા, સુરત, રાજકોટ શહેર.

(૫) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

(૬) કલેકટરશ્રી અમદાવાદ શહેર.

(૭) નિયામકશ્રી માહિતી ખાતું ગુ.રા. ગાંધીનગર.

(૮) રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ ગુ.રા. અમદાવાદ શહેર.

(૯) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેસન્સ કોર્ટ અમદાવાદ શહેર.

(૧૦) રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ મિરઝાપુર અમદાવાદ શહેર.

(૧૧) ચીફ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૧૨) સંયુકત પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાન્ચ/સેકટર-૧ –૨/ટ્રાફીક શાખા/મુખ્ય મથક, અમદાવાદ શહેર.

(૧૩) તમામ ના.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર.

(૧૪) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૫) તમામ મ.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર.

(૧૬) સિનીયર સરકારી વકિલશ્રી અમદાવાદ શહેર.

(૧૭) જન સંપર્ક અધિકારીશ્રી (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂ.)

(૧૮) તમામ પો.ઇન્સ.શ્રી અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૧૯) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી અમદાવાદ શહેર.

(૨૦) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૧) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૨) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે એસ.ઓ.જી. કાલુપુર